ગુજરાતમાં ભારે વરસાદને કારણે ઉત્તર ગુજરાત સહિત રાજ્યના અનેક ભાગોમાં તબાહી મચી ગઈ છે. ઉત્તર ગુજરાતમાં આવેલ બનાસકાંઠા જિલ્લામાં તો ભારે વરસાદને કારણે લોકો પાસે આભ અને ધરતી સિવાય કશું જ બચ્યું નથી. જો કે ગુજરાત રાજ્યના મોટા શહેરોની યાદીમાં આવતું અમદાવાદ શહેર પણ અમુક અંશે ભારે વરસાદનો ભોગ બન્યું છે.ગત ૨ થી ૩ દિવસમાં ભારે વરસાદને લઈ, શહેરના અનેક સ્લમ વિસ્તારોમાં ૨૪ કલાકથી પણ વધુ સમય માટે પાણીમાં ગરકાવ બની ગયા છે. આ અવિરત વરસાદથી શહેરના સ્લમ વિસ્તારોમાં રહેતા આશરે ૫૨૨ કુટુંબો કફોડી હાલતમાં મૂકાઈ ગયા છે. જેમાં ચામુંડા (૫૦), ગીરધરનગર (૫૦), કેશવાણીનગર (૩૫) નહેરુબ્રીજ (૫૦) છીપા રોઝા (૧૦), કાલુપૂર (૨૦), મેઘાણીનગર (૪૨), ખોડા કેમ્પ (૨૫) શંકરભૂવન (૩૦), જ્યૂબીલી (૪૦) કાંકરીયા તળાવ (૧૦) સૂર્યનગર (૧૦૦) બૂટભવાની (૭૦) વિસ્તારોનો સમાવેશ થાય છે. અહીં ઉલ્લેખનીય છે કે, આ સ્લમ વિસ્તારોમાં સામાન્ય રીતે મજૂર વર્ગ સ્થાયી છે, કે જે રોજની મજૂરી કરી પોતાની દૈનિક જરુરિયાતો સંતોષે છે. આ બે દિવસીય અવિરત વરસાદ તેમજ સાબરમતી નદીમાં છોડવામાં આવેલ પાણીથી, અનેક કુટુંબોએ સ્થળાંતર કરવું પડયું છે તો અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ બની ગયા છે. લોકોના કાચા ઘરોમાં પણી આવી ગયા છે, વળી તેમના ઘરવખરીના સામાનને પણ ભારે નુકશાન થયું છે.

આ કુદરતી આફતનો ભોગ બનેલાઓને તાત્કાલિક સહાય પૂરી પાડવા ‘માનવ વિકાસ અને સંશોધન કેન્દ્ર’ (એચ.ડી.આર.સી.) સંસ્થા દ્વારા આ સ્લમ વિસ્તારોમાં મુલ્યાંકન કરવામાં આવેલ, તેમજ લોકોની તાત્કાલીક તેમજ પ્રાથમિક જરુરિયાતોને પહોંચી વળવા માટેની ઝુંબેશ હાથ ધરી છે. સંસ્થા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં, સુકા નાસ્તાના પેકેટ, પાણીના પાઉચ, પ્લાસ્ટીક શીટ્સ જેવી ત્વરીત જરુરીયાતો પુરી પાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.